# 1.પ્રસ્તાવના

## માનનીય અધ્યક્ષશ્રી,

1.1 ભારત દેશ કૃષિ પ્રધાન દેશ છે, કૃષિ પેદાશો પકવતાં તમામ રાજ્યોમાં કૃષિ ઉત્પાદનની વેચાણ વ્યવસ્થા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ મારફત થાય છે. રાજ્યની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ ખેડૂતોના કાચા સોનાનું નાણામાં રૂપાંતર કરતી સંસ્થાઓ છે. ખેડૂતોને વિવિધ પ્રકારની સુવિધાઓ આપી, કૃષિ ઉત્પાદનના સંગ્રહથી માંડીને છેક વેચાણ સુધીની સેવાઓ રાજ્યના માર્કેટ યાર્ડો દ્વારા પૂરી પાડવામાં આવે છે.

1.2 ભૂતકાળમાં શાહુકારો દ્વારા ખેડૂતોના માલનું તેમના ખળામાંથી પાણીના ભાવે ખરીદી કરી શોષણ કરવામાં આવતું હતું. તે બંધ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા બજાર ધારો – ૧૯૬૩ અમલમાં લાવી, ખેડૂતોને તેમના માલના પોષણક્ષમ ભાવ મળે તે માટે માર્કેટ યાર્ડોની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી, પરિણામે ખેડૂતો તેમનો માલ, માર્કેટ યાર્ડમાં લાવતા થયા, અને બજાર સમિતિમાં તેમના માલના જાહેર હરાજીથી પોષણક્ષમ ભાવો મળતાં થયા, પરિણામે અત્યારે રાજ્યમાં કુલ ૨૨૪ જેટલી બજાર સમિતિઓમાં ૨૧૩ મુખ્ય યાર્ડ, ૧૯૨ સબયાર્ડ મળીકુલ ૪૦૫ જેટલા માર્કેટ યાર્ડ કાર્યરત થયેલ છે.

# 2.મહત્વની સિધ્ધિઓ

## માનનીય અધ્યક્ષશ્રી,

2.1 નાની નાની બજાર સમિતિઓની, ખાસ કરીને આદિજાતી વિસ્તારની બજાર સમિતિઓની, આવક વધે તે માટેરાજ્ય સરકારશ્રી દ્વારા હાટ બજાર ચાલુ કરાવેલ છે. આવી ૧૭ બજાર સમિતિઓમાં હાટ બજાર શરૂ થયેલ છે, જે સરકારશ્રીનું પ્રસંશનિય પગલું છે.

2.2 રાજ્ય સરકાર દ્વારા ખેત ઉત્પન્ન બજાર અધિનિયમમાં ખાનગી બજાર, ઈ-બજાર, સીધી ખરીદી બજાર વ્યવસ્થા, કરાર આધારિત ખેતી, ખેડૂત ગ્રાહક બજાર વ્યવસ્થા જેવી મહત્વકાંક્ષી જોગવાઈઓ કરી સુધારા કરવામાં આવેલ છે. જેને કારણે ગુજરાત રાજ્યની બજાર વ્યવસ્થા આતંરરાજ્ય તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઊભી થયેલ સ્પર્ધા સામે ટકી શકે તેવી સક્ષમ બનેલ છે.

2.3 રાજ્યની બજાર સમિતિઓ દ્વારા બજાર સુધારણાની મુખ્યત્વે ૧. બજાર ભાવોનું આકાશવાણી કેન્દ્ર ઉપરથી પ્રસારણ કરવું, ૨. કેન્દ્ર / રાજ્ય સરકારના ખાતાઓની ખેત ઉત્પન્ન સંબંધી માહિતી ઉપલ્બધ કરાવવા તથા ખેત પેદાશના ઉત્પાદન કક્ષાના વર્ગીકરણ કરવામાં આવે છે.

2.4 રાજ્યની સરકાર દ્વારા ભારત સરકારના એપીએમસી મોડેલ એક્ટ ૨૦૧૭ના આધારે સને ૨૦૨૦માં બજાર ધારામાં ઐતિહાસિક સુધારો લાવવામાં આવેલ છે, જેમાં રાજ્યની બજાર સમિતિઓમાં કમીટી સભ્ય ખેડૂતોની સંખ્યા ૮ ના બદલે ૧૦ કરવામાં આવેલ છે. સમગ્ર રાજ્યને બજાર વિસ્તાર જાહેર કરવાની જોગવાઈ, યુનિફાઈડ સિંગલ લાઈસન્સની જોગવાઈ, ઈ-ટ્રેડિંગ પ્લેટફોર્મની જોગવાઈ, તેવી જ રીતે, સને ૨૦૨૩માં બજાર સમિતિઓને ચૂંટણીમાં વેપારીની ૪ સીટ માટે ચુંટણીના અગાઉના ત્રણ વર્ષ દરમ્યાન રુ.૫૦,૦૦૦ જેટલી માર્કેટ ફી

ભરેલ હશે તેવા જ વેપારી ચૂંટાઈ શકેશે, અને ખરીદ વેચાણ મત વિભાગની ૨ સીટમાં લાઈસન્સ ધરાવતી આવી મંડળીઓ છેલ્લા ત્રણ વર્ષમાં પોતાના કુલ સભ્યોમાંથી ૧/૩ સભ્યના માલની ખરીદી કરી બજાર સમિતિમાં વેચેલ હશે, અને આ ત્રણ વર્ષ દરમ્યાન પાંચ લાખ સુધીનું વેચાણ કરેલ હશે તેવી મંડળીના પ્રતિનિધિ જ આવી શકશે, જેના કારણે સાચા વેપારી / મંડળીઓના પ્રતિનિધિઓ મળશે. આ ઉપરાંત, મતદાર યાદીમાં કોઈ પણ વ્યક્તિના એક કરતા વધારે નામ હશે તો તે ફક્ત એક જ મત આપી શકશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. જે પણ સરાહનીય છે.

2.5 રાજ્યની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં મહત્તમ સુવિધાઓ ઉપલ્બધ થાય તે માટે રાજ્ય સરકારશ્રી દ્વારા જુદી જુદી યોજનાઓ અમલમાં મુકેલ છે. જેની ચર્ચા ગૃહમાં અગાઉ થઈ ગયેલ છે, પરંતુ રાજ્ય સરકારશ્રી દ્વારા ઇ કોઓપરેટીવ પોર્ટલની જેમ ઈ–એપીએમસી પોર્ટલ બનાવવા માટેની નવી યોજના અમલમાં લાવેલ છે. જેના અમલીકણના ભાગ રૂપે ઇ–એપીએમસી પોર્ટલ બનાવવા માટે જી.આઈ.એલ દ્વારા બીડ કરવા જણાવેલ છે. આમ, આ ઈ–એપીએમસી પોર્ટલ બનતાં, રાજ્યની તમામ બજાર સમિતિઓની તમામ પ્રકારની માહિતી એકસાથે મળી રહેશે અને જીએસટી ચોરીનો પ્રશ્ન મહદ્ઘ અંશે હલ થશે, અને ઈ–એપીએમસી મારફતે ઓનલાઈન સેવાઓ ઉપલ્બધ થવાને કારણે બજાર સમિતિઓના કામ સરળતાથી થશે, અને સમય અને નાણાની બચત થશે. જેના માટે માનનીય સહકાર મંત્રીશ્રી ખૂબ જ અભિનંદનને પાત્ર બને છે.

## 3.આગામી ઉદ્દેશ

### માનનીય અધ્યક્ષશ્રી,

3.1 આ નાણાકીય વર્ષમાં નિયંત્રીત બજારોના ક્ષેત્રોને વધુ મજબુત બનાવવું.

3.2 રાજ્યની બજાર સમિતિઓની આવકમાં મહત્તમ વધારો થાય તે અંગેનું આયોજન કરવું.

3.3 રાજ્યની બજાર સમિતોમાં મહત્તમ સુવિધાઓ ઉપલ્બધ થાય, તે માટે વ્યવસ્થા ઉભી કરવી, જેવી કે, પ્રોસેસિંગ યુનિટ, રીટેઈલ આઉટલેટ ઉભા કરવાની મહત્વની યોજનાઓ જાહેરકરેલ છે, જેના થકી બજાર સમિતિની આવક વધશે, ખેડૂતને સીધો ફાયદો થશેઅને ગ્રાહકને ગુણવત્તાયુક્ત માલ વ્યાજબી ભાવે મળશે. આવી સરસ યોજના લાવવા માટે માનનીય મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

## 4. બજેટમાં જોગવાઈ અને કામગીરી

### માનનીય અધ્યક્ષશ્રી,

4.1 નિયંત્રીત બજારોના માળખાને મજબૂત બનાવવા માટે ઈ–એપીએમસી મોડ્યુલ બનાવવા માટેની યોજના લાવવામાં આવેલ છે.

4.2 રાજ્યની આદિજાતી વિસ્તારની બજાર સમિતિઓમાં વધુમાં વધુ હાટ બજારો ઉભા કરી આવકમાં વધારો થાય તે માટેની કામગીરી કરવામાં આવશે.

4.3 રાજ્યની નવી અને નબળી બજાર સમિતોમાં ખેડૂતો પોતાની ખેત પેદાશ વેચાણ અર્થે લઈને આવે તે માટે આયોજન કરવામાં આવશે.

4.4 બજાર સમિતિના સર્વાંગી વિકાસ માટે અને તે થકી ખેડૂતોના આર્થિક વિકાસ માટે રાજ્યની સરકાર સતત પ્રયત્નશીલ છે, અને ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે

માટે સમગ્ર રાજ્યમાં બજાર સમિતિઓના માળખાને સુદ્દઢ અને મજબૂત બનાવવા માટે સતત રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે.

4.5 કિસાન કલ્પવૃક્ષ યોજનામાં સને-૨૦૨૪-૨૫માં રૂ.૨૨.૫૦ કરોડની જોગવાઈ કરેલ છે. રીટેઈલ આઉટલેટ મોલ/કૃષિ મોલના બાંધકામ માટે સહાયની યોજનામાં સને-૨૦૨૪-૨૫માં રૂ.૨૦/- કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. બજાર સમિતિઓમાં વેરહાઉસિંગના ગોડાઉન સુવિધા ઉભી કરવા સહાય આપવાની યોજનામાં સને-૨૦૨૪-૨૫માં રૂ.૫.૦૦/- કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

## 5.સમાપન

**માનનીય અધ્યક્ષશ્રી,**

5.1 રાજ્યમાં નિયંત્રીત બજારોનું આ માળખું અસરકારક કામગીરી કરી જ રહ્યુ છે અને આગામા વર્ષમાં પણ મહત્વના ઉદ્દેશો સાથે કામ કરનાર છે.

5.2 આથી માનનીય સહકારમંત્રીશ્રીએ સહકારી ક્ષેત્રને મજબૂત કરવા, જે સહકાર વિભાગના બજેટ માંગણી લઈને આવેલાં છે, તેને મારું સમર્થન છે. તથા તે મંજૂર કરવા આ સન્માનીય ગૃહને વિનંતી કરું છું.